# પ્રાંતિજ વહીવટી તંત્ર ગ્રામ પંચાયતની ચુંટણી પ્રકિયા માટે સજ્જ બન્યું

**મતપેટીઓ સાહિત્ય સહિત કર્મચારીઓ બુથ ઉપર રવાના થયા : ૨૪ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાશે : સાત રૂટ ઉપર બસો રવાના થઈ : એક પીઆઈ, એક પીએસઆઇ, ૭૦ પોલીસ ૮૫ જીઆઇડી હોમગાર્ડ તૈનાત**






પ્રાંતિજ તા.૧૮ ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ ગ્રામ પંચાયતો ની ચુંટણીઓ યોજાવાની છે જેને લઈ ને ચુંટણી અધિકારી દ્વારા સંપૂર્ણ પણે તૈયારીઓ પૂર્ણ કરી દેવામા આવી છે અને ૫૫ બુથો પર મતદાન પેટી મતદાન નુ સાહિત્ય સાથે કર્મચારીઓની ટીમો રવાના થઈ.

પ્રાંતિજ તાલુકા મા ૧૯ મી ને રવિવાર ના રોજ યોજાનાર ૨૪ ગ્રામ પંચાયતો ની ચુંટણી ને લઈ ને ચુંટણી અધિકારી દ્વારા તમામે-તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામા આવી રહ્યો છે અને ૨૭ ગ્રામ પંચાયતો માંથી એક ગ્રામ પંચાયત સમરસ અને બે ગ્રામ પંચાયત બિનહરીફ થતા હાલ ૨૪ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાવા જઈ રહે છે જેને લઈ ને તંત્ર દ્વારા ૫૫ બુથ ઉભા કરવામા આવ્યા છે અને પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે આવેલ સ્ટોગ રૂમ ઉપર થી આજે ૭ અલગ-અલગ રૂટો દ્વારા એસટીબસ મારફતે ચુંટણીલક્ષી સાહિત્ય મતપેટીઓ સાથે કર્મચારીઓની ટીમો રવાના થઈ હતી તો આ ચુંટણી મા ૮ આરો તથા કુલ-૩૦૦ જેટલા કર્મચારીઓ ચુંટણી પ્રકિયા મા કામગીરી કરશે તો ચુંટણી અધિકારી અને પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા દ્વારા ૭ એસટીબસો સાથે મતદાન મથકો ઉપર વિવિધ ગામોમા ચુંટણીલક્ષી સાહિત્ય મતપેટીઓ સાથે કર્મચારીઓની ટીમ ને પોલીસ બંદોબસ્ત સાથે રવાના કરાઈ હતી તો ચુંટણી ની કામગીરીમા એક પીઆઈ, એક પીએસઆઈ, ૭૦ પોલીસ તથા ૮૫ જીઆઈડી હોમગાર્ડ જવાનો તૈનાત રહેશે તો ચુંટણી અધિકારી એચ.પી.ભગોરા દ્વારા શાન્તિ પૂર્ણ મતદાન યોજાય તે માટે સુદર આયોજન કરવામા આવ્યુ છે તો મતદારો ને પણ પોતાના મત નુ મહત્વ સમજી મતદાન કરવા વિનંતી કરી હતી.

### બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા

## ‘‘દિવ્ય કાશી ભવ્ય કાશી’’ કાર્યક્રમ સાગ્રોસણા ગામે યોજાયો

**દિવ્ય કાશી ભવ્ય કાશી લોકાર્પણમાં કળશ યાત્રા સાથે એક કલાક જળાભિષેક બાદ યુવા ભાજપે રેલી યોજી**

પાલનપુર તા. ૧૮ પાલનપુરના સાગ્રોસણા ગામે જાલેશ્વર મહાદેવ મંદિર ખાતે દિવ્ય કાશી ભવ્ય કાશીનું આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રીનરેન્દ્ર ભાઈ મોદીએ લોકર્પણ કરતા



બનાસકાંઠાના ભાજપ અગ્રણીઓએ પાલનપુર તાલુકાના સાગરોસણા ખાતે આવેલ મહાદેવના શિવાલયમાં શિવલિંગ ઉપરમંદિર ખાતે વૈદિક મંત્રોચ્ચાર સાથેજળાભિષેક કર્યો હતો.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીના કાશી ખાતે ભવ્ય કાશી દિવ્ય કાશીનું લોકોર્પણ કર્યું હતું જેને લઈ ગુજરાત સહિત દેશના મંદિરોમાં જળાભિષેક કાર્યક્રમ રખાયો હતો બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા પાલનપુર તાલુકાના સાગ્રોસણા ગામે જાલેશ્વર મહાદેવ મંદિર ખાતે મંત્રોચ્ચાર ઉચ્ચારી એક કલાક જિલ્લાના ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોએ કળશ અને જળાભિષેક કરી પાવન થયા હતા.ત્યારબાદ યુવા મોરચા દ્વારા જાલેશ્વર મંદિરથી ગામ સુધી બાઈક રેલી યોજી હતી અને ગામમાં પહોંચી અન્ય મંદિરોના મહંતોને વાગતા ઢોલે સામૈયું કર્યું હતું. દર્શન કર્યા હતા ત્યારબાદ સાધુ મહાત્માઓ અને ગ્રામજનો પદયાત્રા યોજી પટેલ સમાજની વાડીએ પહોંચતા ગામની બાળાઓએ માથે કળશ રાખી વધાવ્યા હતા ત્યાર પછી સભાખંડમાં વડાપ્રધાન નરેન્દ્રમોદીનું લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું.આ કાર્યક્રમમાં જિલ્લાના સાધુ સંતોમાં પ.પૂ.મહંતશ્રી હરદેવપુરીજી બાપજી તથા અનેક સંતો-મહંતો અને પાઠશાલા શાસ્ત્રી જગદીશભાઈ, અંબાજી પાઠશાળાના ભૂદેવ મંત્રોચ્ચાર કરવા માટે પધારેલ હતા બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ, પ્રભારી નંદાજી ઠાકોર સાથે મહા મંત્રી ડાયાભાઈ પિલિયાતર અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ખુદ વાલીઓને બાળકો ભણાવવામાં રસ નથી

## પ્રા. શિક્ષકોની વ્યથા : જિલ્લાના અનેક ગરીબ વાલીઓના બાળકો શાળાએ જવાના બદલે ધંધાના સ્થળે..!!

**ઓનલાઈન હાજરી પછી બાળકોની સતત ગેરહાજરી વિભાગ માટે માથાના દુઃખાવારૂપ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં તા.૧૯ નવેમ્બર - ૨૦૧૮ પ્રા. શિક્ષક અને વિદ્યાર્થીની ઓનલાઈન હાજરી લેવાતાં અનેક શાળાઓમાં ઓછી સંખ્યાએ શિક્ષણ વિભાગને ચોંકાવી દીધો છે. કોરોના પછી માંડ ધો.૧ થી ૫ નું ઓફ લાઈન શિક્ષણ શરૂ થયું છે ત્યારે સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના અનેક ગરીબ વાલીઓ પોતાના બાળકોને શાળાએ મોકલવાના બદલે ધંધાના સ્થળે મોકલી રહ્યાછે જેના કારણે શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં બાળકોની સતત ગેરહાજરી વિભાગ અને પ્રા.શિક્ષકો માટે માથાના દુઃખાવારૂપ બની છે. કેટલાક પ્રા. શિક્ષકોએ તો આ અંગેના જરૂરી પુરાવા સાથે ડી.પી.ઓ. કચેરીને રજૂઆત કર્યાનું પણ જાણવા મળ્યું છે.

સરકારી પ્રા. શાળાઓમાં સતત કથળતું શિક્ષણ અને શિક્ષકો ટકાવી રાખવા માટે ભૂતિયા વિદ્યાર્થીઓની હાજરી પુરાતી હોવાના અનેક આક્ષેપ પછી એક્શન મોડમાં આવી ગયેલા પ્રા. શિક્ષણ વિભાગે શાળામાં પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધારવાની બાબતને હોંશિયામાં ધકેલી પ્રા.શિક્ષકો અને વિદ્યાર્થીઓ સમયસર શાળામાં આવે છે કે કેમ..?? તે માટે ઓનલાઈન હાજરી લેવાનું શરૂ કર્યું છે. જેમાં સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં આશ્ચર્યજનક રીતે દરેક શાળાઓમાં સરેરાશ ૨૦ થી ૩૫ ટકા બાળકો અનિયમિત જણાઈ આવ્યા છે. એક તરફ સરકારે જ શાળામાં બાળક આવે કે ન આવે તેને ધો.૮ સુધી નાપાસ નહીં કરવાનો કાયદો બનાવ્યો હતો અને હવે આજ કાયદો પ્રા.શિક્ષકો અને વિભાગને મહામુસીબતમાં મૂકી દીધો છે. અનિયમિત આવતા બાળકોને લેવા માટે શિક્ષકો તેમના ઘરે જાય છે ત્યાં મા-બાપ ઘરે આરામ ફરમાવતું હોય પરંતુ તેમનું સંતાન શાળાએ જવાના બદલે તેમના ધંધાના સ્થળે અવનવી ચીજવસ્તુઓનો વેપલો કરી રહ્યા છે. ટૂંકમાં વિભાગે સતત ગેરહાજર બાળકોની ચિંતાની સાથે હવે બાળકોને શાળાએ ન મોકલતા વાલીઓ સામે પણ કડક પગલાં ભરવાની જોગવાઈ કરવી જોઈએ.

## બનાસ બેંકના ચેરમેન તરીકે અણદાભાઈ પટેલની વરણીથી ભાજપના જુના જોગીઓમાં ખુશી

**વાઈસ ચેરમેન તરીકે પીરાજી ઠાકોર બિનહરીફ ચૂંટાયા**

પાલનપુર, તા. ૧૮ બનાસકાંઠા જીલ્લાની અગ્રણી સહકારી સંસ્થા એટલે કે બનાસ બેક્ના ચેરમેન અને વાઈસ




ચેરમેન ની ચૂંટણી શુક્રવારે પાલનપુર પ્રાંત કચેરી ખાતે યોજાઇ હતી. જેમાં ચેરમેન તરીકે અણદાભાઈ પટેલ ની વરણી થતા બનાસકાંઠા જીલ્લા ભાજપના જૂના જોગીઓમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી હતી.

ધી બનાસકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ના નિયામક મંડળની ચૂંટણી બાદ શુક્રવારે પાલનપુર પ્રાંત અધિકારી એસ.ડી.ગીલ્વા ના અધ્યક્ષ સ્થાને ચેરમેન અને વાઈસ ચેરમેન પદની ચૂંટણી માટે બેઠક યોજાઇ હતી. જેમાં બનાસકાંઠા જીલ્લા ભાજપ ના પ્રભારી સુરેશભાઈ શાહે ચેરમેન તરીકે અણદાભાઈ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે પીરાજી ઠાકોર નો મેન્ડેટ રજુ કર્યો હતો. આથી ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારી કરવા જણાવતાં ચેરમેન તરીકે એકમાત્ર અણદાભાઈ એ ફોર્મ રજૂ કરતાં અન્ય કોઈ ફોર્મ ન હોઈ તેઓને ચેરમેન તરીકે બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા. જયારે વાઈસ ચેરમેન તરીકે પણ પીરાજી ઠાકોર સિવાય અન્ય કોઈ ઉમેદવારી ફોર્મ આવેલ ન હોઈ તેઓને બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા. આ પ્રસંગે ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા, જીલ્લા ભાજપના પ્રભારી સુરેશભાઈ શાહ, નંદાજી ઠાકોર, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ સહિત જીલ્લાભરના સહકારી આગેવાનો અને ભાજપ ના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડૂતોના હિતમાં કામગીરી કરાશે

હું વર્ષોથી ભાજપના અદના સૈનિક તરીકે સેવા આપતો હતો. જેથી ભાજપ મોવડી મંડળ દ્વારા મારી કદર કરી મને બનાસ બેક્ર ના ચેરમેન તરીકે નો મેન્ડેટ આપ્યો તે બદલ ભાજપનો આભાર તેમજ જીલ્લાના ખેડૂતો ના પ્રશ્નો ના હિતમાં કામગીરી કરવામાં આવશે તેમ નવનિયુક્ત ચેરમેન અણદાભાઈ પટેલે જણાવ્યું હતું.

## ૧૯૭૧ના પાકિસ્તાન સામેના યુદ્ધના શહીદો અને બિપિન રાવતને શ્રદ્ધાંજલિ અપાઈ

ધનસુરા, તા. ૧૮ ધનસુરા ખાતે ૧૯૭૧ ના પાકિસ્તાન



સામેના યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકો અને બિપિનભાઈ રાવત સાહેબ ને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી માતૃભૂમિ માટે પોતાનું જીવન સમર્પિત કરવા બદલ સૌએ શહીદોને નમન કર્યા હતા અને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. ધનસુરા ગામ નજીક ગ્રાઉન્ડમાં નિવૃત્ત આમીર્મેન સંજયભાઈ પોલીસ અને પી.એસ.આઈ ની તૈયારી કરતા યુવક યુવતીઓને નિઃશુલ્ક માર્ગદર્શન આપે છે તે જગ્યા પર વિજય દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી અને શહીદો ને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને બિપિનભાઈ રાવત સાહેબ ને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી સંજયભાઈ દ્વારા આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો

## જિલ્લાના ૮ મતગણતરી કેન્દ્રના ૫૨ હોલ ખાતે ૨૩૧ પંચાયતોની ચૂંટણીની મતગણના

**મતગણતરી કેન્દ્રો ૪૪૬ મતગણતરી સ્ટાફ અને ૬૩૫ પોલીસ સ્ટાફ ફરજ બજાવશે**

મતગણતરી માટે તાલુકાવાર સ્ટાફની વિગત

| તાલુકો | પંચાયતની સંખ્યા | મતગણતરી હોલ | મતગણતરી ટેબલની સંખ્યા | મતગણતરી સ્ટાફ | પોલીસ સ્ટાફ | મતગણતરી આરોગ્ય સ્ટાફ | મતગણતરી વર્ગ-૪ સ્ટાફ |
|---|---|---|---|---|---|---|---|
| હિંમતનગર | ૬૧ | ૭ | ૧૩ | ૬૮ | ૧૫૦ | ૧૦ | ૧૫ |
| ઈડર | ૫૬ | ૧૮ | ૧૮ | ૧૫૦ | ૧૦૦ | ૨૫ | ૫૦ |
| વડાલી | ૨૪ | ૧ | ૮ | ૪૨ | ૩૦ | ૫ | ૧૬ |
| ખેડબ્રહ્મા | ૧૪ | ૧ | ૬ | ૩૬ | ૩૦ | ૫ | ૧૬ |
| પોશીના | ૮ | ૧ | ૪ | ૨૪ | ૩૦ | ૫ | ૧૦ |
| પ્રાંતિજ | ૨૪ | ૮ | ૮ | ૬૪ | ૧૫૦ | ૧૨ | ૧૫ |
| તલોદ | ૨૧ | ૧૦ | ૧૦ | ૩૨ | ૪૫ | ૪ | ૧૬ |
| વિજયનગર | ૨૩ | ૬ | ૬ | ૩૦ | ૧૦૦ | ૧૦ | ૧૦ |
| કુલ | ૨૩૧ | ૫૨ | ૭૩ | ૪૪૬ | ૬૩૫ | ૭૬ | ૧૪૮ |

બાયડ તા.૧૮ ગુજરાતના રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયત ચૂંટણી ડિસેમ્બર-૨૦૨૧નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ સાબરકાંઠા જીલ્લાની કુલ ૨૨૮ ગ્રામ પંચાયતો પર ચૂંટણી યોજાનાર છે જયારે ૨૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ મતગણતરી હાથ ધરાનાર છે. સમગ્ર ચૂંટણીની મતગણના પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા વહિવટીતંત્ર સજ્જ બની તમામ તાલુકા મથકે મતગણતરી કેન્દ્ર સુનિશ્ચિત કરાયા છે. જેમાં ૮



મતગણતરી કેન્દ્રના ૫૨ હોલમાં ૨૩૧ ગ્રામ પંચાયતોની મતગણના કરાશે. જેના માટે ૭૩ ચૂંટણી અધિકારી અને ૭૩ મદદનીશ ચૂંટણી અધિકારીની નિમણૂંક કરાઈ છે. તો મતગણતરીના ૭૩ ટેબલ માટે ૪૪૬ મતગણતરી સ્ટાફ, ૬૩૫ પોલીસ સ્ટાફ, ૭૬ આરોગ્યનો સ્ટાફ અને ૧૪૮ વર્ગ-૪ના કર્મચારીઓ ફરજ બજાવશે.

### કયાં તાલુકામાં કયા મતગણતરી યોજાશે

હિંમતનગર તાલુકાના ગ્રામ પંચાયતોની મતગણતરી પોલીટેકનિક કોલેજ ખાતે, ઈડરમાં જિલ્લા શિક્ષણ તાલીમ ભવન (ડાયટ) ખાતે, વડાલીમાં બી.સી.શાહ આર્ટસ કોલેજ ખાતે, ખેડબ્રહ્મામાં તાલુકા સેવા સદન ખાતે, વિજયનગરમાં એમ.એચ.હાઈસ્કૂલ ખાતે, પોશીનામાં તાલુકા સેવા સદન ખાતે, પ્રાંતિજમાં ચિત્રણી નર્સિંગ કોલેજ ખાતે અને તલોદમાં સી.ડી. પટેલ હાઈસ્કૂલ ખાતે મતગણતરી હાથ ધરાશે.

## બનાસકાંઠા ભૂસ્તર વિભાગનો સપાટો : પાંચ ડમ્પર કબ્જે કર્યા

ડીસા, તા. ૧૮ બનાસકાંઠા જિલ્લામાં આજે ફરી એકવાર ભૂસ્તર




વિભાગની ટીમે સપાટો બોલાવ્યો હતો જેમાં આગથળા પાસે રોયલ્ટી વગર રેતીની ચોરી કરી જતા પાંચ ડમ્પર ઝડપી પાડી આગથળા પોલીસ મથકે મુકાયા હતા. બનાસકાંઠા ભૂસ્તર અધિકારી સુભાષ જોષી ના માર્ગદર્શન હેઠળ આજે વહેલી સવારે ખાનગી વાહન માં ભૂસ્તર વિભાગ ની ટીમને ચેકીંગ અર્થે રવાના કરી હતી જેમાં ડીસા થરાદ હાઈવે પર આગથળા પાસેથી પસાર થઈ રહેલા પાંચ ડમ્પરો ને ભૂસ્તર વિભાગની ટીમે રોકી રોયલ્ટી પાસ માંગતા ગાડી ચાલકો પાસેથી કોઈક પાસ પરમીટ કે રોયલ્ટી મળી આવેલ ન હતી જેથી રેતી ની ચોરી કરી જતા હોવાનું માલુમ પડતા પાંચ ડમ્પર સહિત કુલ રૂ ૧.૪૦ કરોડ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો તેમજ ડમ્પર માલિકોને અંદાજે રૂ ૧૨ લાખનો દંડ વસુલવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ બાબતે ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોષી એ જણાવ્યુ હતું કે અમારી ટિમ ને ખાનગી વાહન માં ચેકીંગ મોકલી હતી અને જે દરમ્યાન આગથળા પાસેથી પાંચ ડમ્પર રોયલ્ટી પાસ વગર ના ઝડપાયા હતા જેને કબ્જે લઈ આગથળા પોલીસ મથકે મુકવામાં આવ્યા છે અને રૂ ૧૨ લાખનો દંડ વસુલવા કાર્યવાહી હાથ ધરાઈ છે વધુમાં જણાવ્યું હતું કે બનાસનદી કે સાદી રેતી કે પછી અન્ય કોઈ ખનીજ ચોરી થતી હશે તેને રોકવા તમામ પ્રયાસો હાથ ધર્યા છે. ભૂસ્તર વિભાગની કડક કાર્યવાહીથી અન્ય ભુમાફિયાઓમાં પણ ફફડાટ ફેલાયો છે જયારે રૂ ૧.૪૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરતાં અન્ય ભૂમાફિયાઓમાંફફડાટફેલાયોહતો.

**ભૂસ્તર વિભાગે છેલ્લા એક માસમાં અનેક વખત ચેકીંગ હાથ ધરી કરોડોની ખનીજ ચોરી ઝડપવામાં સફળતા મળી છે જોકે ભૂસ્તર અધિકારીના કડક વલણ થી ભૂમાફિયાઓ ફફડી ઉઠ્યા છે**

## જન્મદિને વધામણી



મીનાબેન હેમંતભાઈ જોશી
સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી



અમિત પ્રકાશભાઈ પટેલ
વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ, જીલ્લો અરવલ્લી



હરીશભાઇ મૂળજીભાઈ પટેલ
ઊજલેશ્વર હાઇસ્કુલ
ઉદેપુર, તા. ધનસુરા

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## હિંમતનગરમાં રસોઈયાના મકાનમાં તસ્કરોનો હાથ ફેરો

**સોના ચાંદીના દાગીના,રોકડ રકમ સાથે રૂ.૧.૫૬ લાખની તસ્કરી**

હિમતનગર,તા.૧૮ હિંમતનગરના પોલોગ્રાઉડ વિસ્તારની શાંકુતલ સોસાયટીમાં રસોઇયા ના બંધ મકાનમાં ત્રાટકી તસ્કરો સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત રૂ.૧,૫૬૦૦૦ ની માલમત્તા ઉસેડી ગયા છે.બનાવ અંગે હિંમતનગર બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવા ની તસ્કરો પોલ ખોલી રહ્યા છે.નગરની એક પછી એક સોસાયટીઓ તસ્કરોના નિશાના પર આવી છે જેમાં ગત રોજ શાંકુતલ સોસાયટીમાં રહેતા અને રસોઈ બનાવવાનો વ્યવસાય કરતા શિવરામ ધનરાજ હરમોર ના બંધ મકાનને તસ્કરોએ તા.૧૬ ની રાત્રે નિશાન બનાવ્યું હતું.દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશેલા તસ્કરો પતરાની પેટી તોડી રૂ.૫૦,૦૦૦ની રોકડ રકમ તેમજ સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧,૫૬૦૦૦ ની મત્તા ઉસેડી ફરાર થઈ ગયા હતા. લગ્નોની સિઝનમાં વ્યસ્ત રસોઈના કારીગર નું મકાન છેલ્લા કેટલાક દિવસથી બંધ રહેતા તસ્કરોએ અગાઉથી મકાનની રેકી કરી હોવાની આશંકા વ્યક્ત થઈ છે.

### અવસાન નોંધ

બાયડ : બાયડના મુન્નાભાઈ (મનોજ) મિસ્ત્રી (વિકાસ એગ્રીકલ્ચર-બાયડ)નું દુઃખ નિધન થયેલ છે.



સ્વર્ગસ્થનું બેસણું આજ તા.૧૯ ડિસેમ્બર, રવિવારે બપોરે ૧-૦૦ થી ૪-૦૦ તેમના નિવાસસ્થાને રાખેલ છે.